પરીક્ષા પુસ્તિકાનો કોડ
Test Booklet Code

**D**

# RAMA

**GUJARATI+ENGLISH**

Test Booklet Number

જ્યાં સુધી કહેવામાં ન આવે ત્યાં સુધી આ પુસ્તિકા ખોલવી નહીં.
**Do not open this Test Booklet until you are asked to do so.**
આ પરીક્ષા પુસ્તિકાના પાછળના કવર પર આપેલ સૂચનાઓ ધ્યાનથી વાંચો.
**Read carefully the Instructions on the Back Cover of this Test Booklet.**

આ પુસ્તિકામાં **36** પાનાં છે.
This Booklet contains **36** pages.

**પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરોમાં) :**
Name of the Candidate (in Capitals) : ______________________

**અનુક્રમ** : અંકોમાં :
Roll Number : in figures ______________________
: શબ્દોમાં
: in words ______________________

**પરીક્ષા કેન્દ્ર (મોટા અક્ષરોમાં) :**
Centre of Examination (in Capitals) : ______________________

**પરીક્ષાર્થીની સહી :**
Candidate's Signature : ______________________

**નિરિક્ષકની સહી :**
Invigilator's Signature : ______________________

Facsimile signature stamp of
Centre Superintendent : ______________________

**પ્રશ્નોનાં અનુવાદમાં કોઈ અસ્પષ્ટતાની સ્થિતિમાં, અંગ્રેજી સંસ્કરણને જ અંતિમ માનવામાં આવશે.**
**In case of any ambiguity in translation of any question, English version shall be treated as final.**

## સૂચનાઓ /INSTRUCTIONS

1. આ પ્રશ્નપત્ર પુસ્તિકામાં ચાર વિભાગ છે. **વિભાગ "A"**માં **ભાષા**ના **25** પ્રશ્નો છે, દરેકના **2** ગુણ છે. **વિભાગ "B"**માં **ગણિત**ના **50** પ્રશ્નો છે, દરેકના **3** ગુણ છે. **વિભાગ "C" સામાન્ય જ્ઞાન** અને **વિભાગ "D" બૌદ્ધિક સમજ** પ્રત્યેકના **25** પ્રશ્નો છે, જે દરેક પ્રશ્નના **2** ગુણ છે. બધું મળીને આ પ્રશ્નપત્રમાં કુલ **300** ગુણ માટે **125** પ્રશ્નો છે. બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.
This question paper booklet contains FOUR sections. **Section "A" Language** contains 25 questions of 2 marks each. **Section "B" Mathematics** contains **50** questions of 3 marks each. **Section "C" General Knowledge** and **Section "D" Intelligence** contain **25** questions of **2** marks each. In all, the paper consists of **125** questions for a total of **300** marks. Answer all questions.
2. પરીક્ષાનો સમયગાળો 2 કલાક અને 30 મિનિટ છે. (150 મિનિટ)
Duration of the test is 2 hours and 30 minutes. (150 minutes)
3. ઉમેદવારોએ નીચે આપેલ 13 ભાષાઓમાંથી અરજી વખતે જે ભાષા પસંદ કરી હશે, તે એક ભાષા પસંદ કરવાની છે : આસામી, બંગાળી, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, કન્નડ, મલયાલમ, મરાઠી, ઓડિયા, પંજાબી, તમિલ, તેલુગુ અને ઉર્દૂ.
Candidates are required to choose any of the following 13 languages : Assamese, Bengali, English, Gujarati, Hindi, Kannada, Malayalam, Marathi, Odia, Punjabi, Tamil, Telugu or Urdu, while applying.
4. જેમણે વિકલ્પના રૂપમાં અંગ્રેજી અથવા હિન્દી પસંદ કરેલ છે તેના માટે પ્રશ્નપત્ર પુસ્તિકા દ્વિભાષી હશે (એટલે કે અંગ્રેજી અને હિન્દીમાં).
Question paper booklet for those who opted for English or Hindi will be bilingual (i.e. in English and in Hindi).
5. જેમણે નિર્દિષ્ટ પ્રાદેશિક ભાષાઓમાંથી કોઈ એક પસંદ કરેલ હશે, તેમના માટે અરજીપત્રકમાં દર્શાવેલ ભાષા અને અંગ્રેજીમાં, દ્વિભાષી પ્રશ્નપત્ર પુસ્તિકા હશે.
Question paper booklet for those who opted for any of the specified languages, will be bi-lingual, in the language opted by the candidate and in English.
6. વિભાગ "A"માં દરેક ભાષાના પ્રશ્નો વિશિષ્ટ છે. તે અલગ-અલગ ભાષામાં અલગ-અલગ છે. તે અંગ્રેજીમાંથી અનુવાદિત નથી. તમારે તમારા અરજીપત્રકમાં અને પ્રવેશપત્રમાં દર્શાવેલ ભાષામાં ઉત્તર આપવાના છે. તમારા દ્વારા પસંદ થયેલ વિશિષ્ટ ભાષાની આન્સર-કીના સંદર્ભમાં મૂલ્યાંકન થશે. જો અન્ય ભાષામાં ઉત્તર આપશો તો તમને ગુણનું નુકસાન થઈ શકે છે.
Questions in **Section "A"** are specific to each language. They vary from language to language. They are not translated from English. They are to be attempted in the language opted by you in your application form and indicated on your Admit Card. They will be evaluated with reference to the answer keys of the specific language opted by you. If attempted in any other language, you may lose marks.

## વિભાગ - 'A' : ભાષા

**1.** નીચેનામાંથી 'શ્રેષ્ઠ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ કયો છે ?

(1) અશ્રેષ્ઠ (2) જ્યેષ્ઠ (3) કનિષ્ઠ (4) સર્વશ્રેષ્ઠ

**2.** નીચેનામાંથી કઈ જોડણી સાચી છે ?

(1) ખિસકોલિ (2) ખીસકોલિ (3) ખીસકોલી (4) ખિસકોલી

**3.** નીચેનામાંથી 'મેહ'નો સમાનાર્થી શબ્દ શોધો.

(1) મોસમ (2) મેઘ (3) વરસાદ (4) માઝા

**4.** 'ડોબું' શબ્દ કયા પ્રાણી માટે વપરાય છે ?

(1) ગાય (2) ગેંડો (3) ગધેડો (4) ભેંશ

**5.** નીચેનામાંથી એક શબ્દ સમાનાર્થી નથી.

(1) કમાડ (2) બારણા (3) દરવાજા (4) સમડી

**6.** 'બે પાંદડે થવું' - આ રૂઢિપ્રયોગનો સાચો અર્થ જણાવો.

(1) પાંદડાંઓનું વિભાજન થવું (2) બે પાંદડાંમાંથી એક પાંદડું થઈ જવું

(3) આર્થિક સ્થિતિ સુધરવી (4) આર્થિક સ્થિતિ બહુ જ ખરાબ થવી

**7.** 'મીઠું પકવનારી ક્યારી કે જમીન' શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(1) પ્રહર (2) અગર (3) ટગર (4) નગર

**8.** નીચે આપેલા શબ્દોમાં 'સ્ત્રીલિંગ' શબ્દ કયો છે ?

(1) પ્રાર્થના (2) ઇસ્તિહાન (3) ઇતબાર (4) ઇશ્ક

**9.** 'પવિત્ર જગ્યા કે વ્યક્તિની ચારેબાજુ ગોળ ગોળ ફરવું તે' શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(1) સપ્તપદી (2) પરિક્રમા (3) પોંખવું (4) પરલોક

**10.** 'તમારામાંથી બિલાડીના ગળે ઘંટ કોણ બાંધશે ?' વાક્યમાં સર્વનામ કયું છે ?

(1) બિલાડી (2) ઘંટ (3) બાંધશે (4) તમારામાંથી

**11.** અયોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) સમ્ + ઈક્ષા = સમીક્ષા (2) સમ્ + યોજન = સંયોજન

(3) માતા + આદેશ = માત્રાદેશ (4) અન્ + અપેક્ષ = અનપેક્ષ

**12.** મહારાણીના ગળામાં રહેલો <u>હાર</u> હીરાનો છે - રેખાંકિત શબ્દની લિંગ કઈ છે ?

(1) સ્ત્રીલિંગ (2) પુંલ્લિંગ (3) નપુંસકલિંગ (4) એક પણ નહિ

**13.** સાચા વિરોધી શબ્દોની જોડ ઓળખો.

(1) માતા × જનની (2) વાંક × ગુનો (3) મિત્ર × સખા (4) સજ્જન × દુર્જન

**14.** નીચે આપેલ શબ્દોમાંથી સાચી જોડણીવાળો શબ્દ પસંદ કરો.

(1) મિતભાષી (2) નિરભીમાનિ (3) તીલાંજલિ (4) નિતીવાન

**15.** ટૂંકમાં સત્યનો હંમેશાં જય થાય છે - આ વાક્યમાં કયા શબ્દ પછી અલ્પવિરામ આવશે ?

(1) સત્યનો (2) જય (3) હંમેશાં (4) ટૂંકમાં

**16.** નીચે આપેલા શબ્દોમાંથી 'પર્જન્ય' શબ્દનો સાચો અર્થ જણાવો.

(1) પંખી (2) પથિક (3) પંડિત (4) વૃષ્ટિ

**17.** નીચેના વાક્ય/શબ્દસમૂહ માટે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો - કોઈ પણ બે ખેતર વચ્ચેની હદનો થોડો ખુલ્લો પટ્ટો

(1) દોહદ (2) ધોરિયો (3) ખેતપટ્ટો (4) શેઢો

**18.** સાચા સમાનાર્થી શબ્દોની જોડ ઓળખો.

(1) ધ્વનિ × કલરવ (2) આદિ × અંત (3) અસ્ત × ઉદય (4) આકાશ × પાતાળ

**19.** શબ્દકોશ પ્રમાણે સાચો ક્રમ દર્શાવતો વિકલ્પ શોધો.

(1) કઠોળ, કદર્થના, કલરવ, કવચન (2) કદર્થના, કવચન, કલરવ, કઠોળ

(3) કઠોળ, કદર્થના, કવચન, કલરવ (4) કઠોળ, કવચન, કલરવ, કદર્થના

**20.** 'ઉતાવળે આંબા ન પાકે' કહેવતનો અર્થ જણાવો.

(1) આંબા પર કેરી જલદી પાકતી નથી (2) આંબા પરથી કેરી જલદી ઉતારીને પકવી નાખવી

(3) ધીરજના ફળ મીઠાં (4) ધીરજથી આંબા પરથી કેરી ઉતારવી

નીચે આપેલા અનુચ્છેદને ધ્યાનપૂર્વક વાંચી આપેલા પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો. **(પ્રશ્ન સંખ્યા 21 થી 25)**

'તમે સ્વાધીનતાનો આનંદ ઇચ્છો છો ? તમારે સ્વાતંત્ર્યનું સુખ જોઈએ તો સ્વાધીનતાનાં કષ્ટો સહેવાથી જ અને એ દામ ચૂકવવાથી જ સાંપડી શકશે...'

આ સ્વાતંત્ર્ય સંદેશો આપનાર હતા આપણા લોકનાયક, સ્વાતંત્ર્યસેનાની નેતાજી સુભાષચંદ્ર બોઝ. ભારતની સંપૂર્ણ આઝાદી ઝંખનાર રાષ્ટ્રીય વીર.

બંગાળના ચોવીસ પરગણા નામના જિલ્લામાં કોદાલિય ગામમાં ઈ.સ. 1897ના જાન્યુઆરીની 23મી તારીખે એમનો જન્મ. પિતા જાનકીનાથ બોઝ અને માતા પ્રભાવતી દેવી. સુભાષબાબુને સાત ભાઈઓ અને છ બહેનો હતાં.

વતનનું ગામ છોડી કટકમાં જઈ વકીલાત કરતા. એમના પિતા સ્વભાવે કડક, પણ ઘણા જ વત્સલ પિતા હતા. બાળકો ખડતલ બને, એમની રહેણીકરણી સાદી બને, ગમે તેવી સ્થિતિમાં રહેવામાં સંકોચ ન અનુભવે એવું શિક્ષણ આપતા. 'બાપની શ્રીમંતાઈ જેવી ઝેરી ગરીબી એકે નથી' એવું એ કહેતા અને શીખવતા.

એમની માતામાં અનન્ય ધર્મભાવના હતી. પૂજાપાઠ ઉપરાંત માનવસેવા, ભૂખ્યાને ભોજન, ગરીબોને દાન અને માંદાની માવજત એ એમનો ધર્મ.

પિતાની અનુશાસનભાવનાને લીધે સુભાષમાં વ્યવસ્થાશક્તિ, વજ્ર જેવી ઇચ્છાશક્તિ અને સ્વમાન ઊતરી આવ્યાં. માતાની દેવસેવા અને લોકસેવા પુત્રના માનવતા અને માનવસેવાના કાર્યમાં માર્ગદર્શનરૂપ નીવડ્યાં. ભણવામાં તેજસ્વી પણ વિચિત્ર ટેવો તથા ગુણોને લીધે એ સૌ વિદ્યાર્થીઓમાં જુદા તરી આવતા.

**21.** સુભાષચંદ્ર બોઝમાં કયા કયા ગુણો આવેલા હતા ?

(1) વજ્ર જેવી ઇચ્છાશક્તિ (2) વ્યવસ્થાશક્તિ

(3) તેજસ્વીતા (4) ઉપરના બધા જ

**22.** સુભાષચંદ્ર બોઝ કયા શહેરમાં વકીલાત કરતા હતા ?

(1) કાનપુર (2) કન્યાકુમારી (3) કટક (4) કોલકાતા

**23.** સુભાષચંદ્ર બોઝને કેટલી બહેનો અને ભાઈઓ હતા ?

(1) સાત અને છ (2) છ અને છ (3) છ અને સાત (4) છ અને આઠ

**24.** સુભાષચંદ્ર બોઝનો જન્મ કયા રાજ્યમાં થયો હતો ?

(1) ગુજરાત (2) બિહાર (3) મધ્ય પ્રદેશ (4) બંગાળ


**25.** સુભાષચંદ્ર બોઝનો જન્મ કઈ તારીખે અને કઈ સાલમાં થયો હતો ?

(1) 23મી અને 1987 (2) 23મી અને 1978

(3) 22મી અને 1897 (4) 23મી અને 1897

## SECTION – 'B' : MATHEMATICS

**26.** What is the fraction that the sum of the shaded regions represent ?



(1) $\frac{10}{12}$ (2) $\frac{1}{4}$ (3) 1 (4) $1\frac{1}{12}$

**27.** What is the weight of two dozen biscuits if each biscuit weighs 4 g ?

(1) 24 g (2) 64 g (3) 48 g (4) 96 g

**28.** Choose the smallest possible 7-digit number that you can form using each of the following digits 5, 1, 8, 0, 3.



(1) 1310058 (2) 1001358 (3) 1130058 (4) 1000358

**29.** Sum of place values of the underlined digits in the given numbers is _______.

$69\underline{5}28\underline{1}$ $5\underline{3}485\underline{7}3$

(1) 305071 (2) 300551 (3) 305017 (4) 3005071

**30.** Which one of the following figures is not symmetrical along the dotted line ?


(1)  (2)  (3)  (4) 

**31.** Which one of the following is not an equivalent fraction of $\frac{5}{7}$ ?

(1) $\frac{15}{21}$ (2) $\frac{45}{56}$ (3) $\frac{25}{35}$ (4) $\frac{10}{14}$

## વિભાગ - 'B' : ગણિત

**26.** છાયાવાળા પ્રદેશોનો સરવાળો કયો અપૂર્ણાંક દર્શાવે છે ?



(1) $\frac{10}{12}$ (2) $\frac{1}{4}$ (3) 1 (4) $1\frac{1}{12}$

**27.** જો એક બિસ્કિટનું વજન 4 ગ્રામ હોય તો, એવા બે ડઝન બિસ્કિટનું વજન કેટલું થાય?

(1) 24 ગ્રામ (2) 64 ગ્રામ (3) 48 ગ્રામ (4) 96 ગ્રામ

**28.** નીચે આપેલા 5, 1, 8, 0, 3 અંકોમાંથી દરેક અંકનો ઉપયોગ કરીને 7-અંકની શક્ય એટલી નાની સંખ્યા પસંદ કરો.



(1) 1310058 (2) 1001358 (3) 1130058 (4) 1000358

**29.** આપેલી સંખ્યાઓમાં નીચે લીટી કરેલા અંકોના સ્થાન મૂલ્યોનો સરવાળો ________ છે.

69<u>5</u>28<u>1</u> 5<u>3</u>485<u>7</u>3

(1) 305071 (2) 300551 (3) 305017 (4) 3005071


**30.** નીચેનામાંથી કઇ આકૃતિ ટપકાંયુક્ત રેખાને સમરૂપ નથી?

(1)  (2)  (3)  (4) 

**31.** નીચેનામાંથી કયો અપૂર્ણાંક $\frac{5}{7}$ને સમતુલ્ય નથી?

(1) $\frac{15}{21}$ (2) $\frac{45}{56}$ (3) $\frac{25}{35}$ (4) $\frac{10}{14}$

32. Find the area of the shaded part of the figure.




(1) 161 sq. cm (2) 171 sq. cm (3) 173 sq. cm (4) 163 sq. cm

33. Convert the fraction $15\frac{1}{25}$ into a decimal number.

(1) 150.4 (2) 15.04 (3) 1504 (4) 1.504

34. What would be the price of seven chairs, if the price of one chair is ₹ 7642.45 ?

(1) ₹ 53497.35 (2) ₹ 53497.15 (3) ₹ 53499.15 (4) ₹ 53597.15

35. A webinar has three intervals of 5 minutes each. What is the total duration of the intervals in seconds ?

(1) 1000 (2) 800 (3) 900 (4) 1500

36. An oil tank can hold 60 litres of oil. Another oil tank can hold thrice as much. What is the total capacity of both the tanks ?

(1) 180 litres (2) 240 litres (3) 120 litres (4) 300 litres

37. What is the side of a cube, if its volume is 64 cu.cm ?


(1) 12 cm (2) 4 cm (3) 8 cm (4) 16 cm





38. Which of the following numerals are arranged in ascending order ?

(1) 6821, 6812, 6261, 2861 (2) 9075, 7905, 9701, 5907


(3) 10529, 12049, 12509, 15249 (4) 23124, 23213, 21467, 2764

39. Choose a figure that will continue the series in the given figure.




(1)  (2)  (3)  (4) 

**32.** આકૃતિમાં ઘેરા રંગવાળા ભાગનું ક્ષેત્રફળ શોધો.




(1) 161 sq. cm  (2) 171 sq.cm  (3) 173 sq. cm  (4) 163 sq.cm

**33.** અપૂર્ણાંક $15\frac{1}{25}$ ને દશાંશ સંખ્યામાં ફેરવો.

(1) 150.4  (2) 15.04  (3) 1504  (4) 1.504

**34.** જો એક ખુરશીની કિંમત ₹ 7642.45 હોય, તો સાત ખુરશીઓની કિંમત કેટલી થાય?

(1) ₹ 53497.35  (2) ₹ 53497.15  (3) ₹ 53499.15  (4) ₹ 53597.15

**35.** એક વેબિનારમાં 5 મિનિટની એક એવી ત્રણ રીશેષ પડે છે. ત્રણેય રીશેષનો કુલ સમયગાળો કેટલી સેકન્ડનો થાય?

(1) 1000  (2) 800  (3) 900  (4) 1500

**36.** તેલની એક ટાંકીમાં 60 લિટર તેલ સમાય છે. તેલની અન્ય એક ટાંકીમાં તેનાથી ત્રણગણું તેલ સમાય છે. બંને ટાંકીઓની કુલ ક્ષમતા કેટલી છે?

(1) 180 લિટર  (2) 240 લિટર  (3) 120 લિટર  (4) 300 લિટર


**37.** જો એક સમઘનનું ઘનફળ 64 cu.cm છે, તો તે સમઘનની બાજુનું માપ કેટલું હોય?





(1) 12 cm  (2) 4 cm  (3) 8 cm  (4) 16 cm


**38.** નીચેનામાંથી કઇ સંખ્યાઓ ચડતા ક્રમમાં ગોઠવેલી છે?

(1) 6821, 6812, 6261, 2861  (2) 9075, 7905, 9701, 5907
(3) 10529, 12049, 12509, 15249  (4) 23124, 23213, 21467, 2764

**39.** આપેલી આકૃતિમાં શ્રેણીને ચાલુ રાખે એવી આકૃતિ પસંદ કરો.




(1)   (2)   (3)   (4) 

**40.** If  +  +  = 420 and  -  = 90, then what is the value of  ?

(1) 100 (2) 200 (3) 90 (4) 120

**41.** If the classes for the senior students start everyday at 8:35 a.m. and end at 1:45 p.m. (with no breaks), find the total duration of the classes.

(1) 4 hours 40 minutes (2) 310 minutes

(3) 5 hours 20 minutes (4) 315 minutes


**42.** In 563672, the place value of 6 at the ten thousands place is ______ times the place value of 6 at the hundreds place.





(1) 1000 (2) 100 (3) 10 (4) 10000

**43.** Anil had 78.6 m fabric which was just enough to make one set of uniform for 12 students. How much fabric would be used to make one uniform ?

(1) 6.05 m (2) 6.65 m (3) 6.55 m (4) 6.25 m

**44.** Select the next figure in the pattern :



(1)  (2)  (3)  (4) 

**45.** An athlete finishes 400 m race in 48 seconds. How many minutes has he spent in running if he ran five times on the same track at the same speed ?

(1) 4 (2) 3.5 (3) 5 (4) 6



**46.** Which one of the following are arranged in descending order ?

(1) $\frac{2}{5}, \frac{2}{7}, \frac{2}{13}, \frac{2}{9}, \frac{2}{3}$ (2) $\frac{6}{11}, \frac{14}{11}, \frac{10}{11}, \frac{4}{11}, \frac{2}{11}$

(3) $\frac{7}{6}, \frac{7}{8}, \frac{7}{12}, \frac{7}{15}, \frac{7}{18}$ (4) $\frac{10}{9}, \frac{13}{9}, \frac{5}{9}, \frac{15}{9}, \frac{7}{9}$

**47.** What must be added to 2.4624 to get 6.785 ?

(1) 4.321 (2) 4.3221 (3) 4.3226 (4) 4.3229

**40.** જો  +  +  = 420 અને  -  = 90, હોય, તો  નું મૂલ્ય કેટલું થાય?

(1) 100 (2) 200 (3) 90 (4) 120

**41.** જો વરિષ્ઠ વિદ્યાર્થીઓના વર્ગો દરરોજ સવારે 8:35 વાગ્ય શરૂ થતાં હોય અને બપોરે 1:45 (કોઈ વિરામ વિના) વાગ્યે પૂરા થતા હોય, તો વર્ગોનો કુલ સમયગાળો શોધો.

(1) 4 કલાક 40 મિનિટ (2) 310 મિનિટ

(3) 5 કલાક 20 મિનિટ (4) 315 મિનિટ


**42.** 563672માં દસ હજારમાં સ્થાને આવેલા 6નું મૂલ્ય સોમા સ્થાને આવેલા 6ના મૂલ્યના ______ ગણું છે.





(1) 1000 (2) 100 (3) 10 (4) 10000

**43.** અનિલ પાસે 12 વિદ્યાર્થીઓનો ગણવેશ બનાવવા માટે 78.6 મીટર કાપડ છે. એક ગણવેશ બનાવવા માટે કેટલું કાપડ વપરાશે?

(1) 6.05 મીટર (2) 6.65 મીટર (3) 6.55 મીટર (4) 6.25 મીટર

**44.** આપેલી શૈલી પ્રમાણે આગામી આકૃતિ પસંદ કરો :



(1)  (2)  (3)  (4) 

**45.** એક ખેલાડી 48 સેકન્ડમાં 400 મીટરની દોડ પૂરી કરે છે. જો તે આટલી જ ઝડપે એ જ ટ્રેક પર પાંચ વખત દોડે તો તેને દોડવામાં કેટલી મિનિટ લાગે?

(1) 4 (2) 3.5 (3) 5 (4) 6

**46.** નીચેનામાંથી કયા ઉતરતા ક્રમમાં ગોઠવેલાં છે?

(1) $\frac{2}{5}, \frac{2}{7}, \frac{2}{13}, \frac{2}{9}, \frac{2}{3}$ (2) $\frac{6}{11}, \frac{14}{11}, \frac{10}{11}, \frac{4}{11}, \frac{2}{11}$

(3) $\frac{7}{6}, \frac{7}{8}, \frac{7}{12}, \frac{7}{15}, \frac{7}{18}$ (4) $\frac{10}{9}, \frac{13}{9}, \frac{5}{9}, \frac{15}{9}, \frac{7}{9}$

**47.** 2.4624 માં શું ઉમેરવું પડે જેથી 6.785 મળે?

(1) 4.321 (2) 4.3221 (3) 4.3226 (4) 4.3229

**48.** Identify the greatest fraction from the following :


$\frac{2}{11}, \frac{2}{7}, \frac{2}{13}, \frac{2}{9}, \frac{2}{3}$

(1) $\frac{2}{11}$ (2) $\frac{2}{9}$ (3) $\frac{2}{7}$ (4) $\frac{2}{3}$

**49.** In a particular year, 76,43,872 students appeared for an exam. Out of them if 42,37,602 were girls, how many were boys ?

(1) 43,06,270 (2) 34,56,270 (3) 34,06,270 (4) 43,05,370

**50.** Which one of the following is the incorrect option ?




(1) l=19.2 cm, b=12.5 cm (2) l=16 cm, b=15 cm

(3) l=54 cm, b=5 cm (4) l=32 cm, b=7.5 cm

**51.** Solve : $\frac{6}{8} \div \frac{3}{2} \times \frac{4}{5}$

(1) $\frac{3}{5}$ (2) $\frac{3}{8}$ (3) $\frac{5}{8}$ (4) $\frac{2}{5}$


**52.** Select values of m, n to make the statement true.

127 × 15 = (__m__ × 15) + (__n__ × 15)

(1) m = 100, n = 15 (2) m = 120, n = 15

(3) m = 15, n = 27 (4) m = 100, n = 27

**53.** How many parts of the given figure should be shaded to represent $\frac{3}{7}$ ?



(1) 4 (2) 12 (3) 8 (4) 6

**48.** નીચેનામાંથી સૌથી મોટી અપૂર્ણાંક સંખ્યાને ઓળખી બતાવો :


$\frac{2}{11}, \frac{2}{7}, \frac{2}{13}, \frac{2}{9}, \frac{2}{3}$

(1) $\frac{2}{11}$ (2) $\frac{2}{9}$ (3) $\frac{2}{7}$ (4) $\frac{2}{3}$

**49.** એક ચોક્કસ વર્ષમાં, 76,43,872 વિદ્યાર્થીઓ એક પરીક્ષામાં બેઠા હતા. આમાંથી જો 42,37,602 છોકરીઓ હતી, તો છોકરાઓની સંખ્યા કેટલી હતી?

(1) 43,06,270 (2) 34,56,270 (3) 34,06,270 (4) 43,05,370

**50.** નીચેનામાંથી કયો વિકલપો ખોટું છે?




(1) l=19.2 cm, b=12.5 cm (2) l=16 cm, b=15 cm
(3) l=54 cm, b=5 cm (4) l=32 cm, b=7.5 cm

**51.** ઉકેલો : $\frac{6}{8} \div \frac{3}{2} \times \frac{4}{5}$


(1) $\frac{3}{5}$ (2) $\frac{3}{8}$ (3) $\frac{5}{8}$ (4) $\frac{2}{5}$

**52.** m, n નાં એવાં મૂલ્યો પસંદ કરો કે જેથી નિવેદન સાચું બને.

127 × 15 = (__m__ × 15) + (__n__ × 15)


(1) m = 100, n = 15 (2) m = 120, n = 15
(3) m = 15, n = 27 (4) m = 100, n = 27

**53.** $\frac{3}{7}$ને રજૂ કરવા માટે આપેલી આકૃતિના કેટલા ભાગોને ઘેરા રંગના કરવા જોઇએ?



(1) 4 (2) 12 (3) 8 (4) 6

**54.** How many acute angles are there inside the given figure ?



(1) 4 (2) 6 (3) 5 (4) 7

**55.** 128400 pens are to be packed in cartons with 150 pens in each. How many cartons will be needed ?

(1) 856 (2) 805 (3) 846 (4) 876

**56.** Prisha weighs 42 kg and Kyra weighs 39.5 kg. What is their total weight ?

(1) 82500 g (2) 8250 g (3) 81500 g (4) 8150 g

**57.** Identify the angle created by the minute hand and the hour hand at 2:30 p.m.

(1) Acute (2) Obtuse (3) Straight (4) Right

**58.** A dealer purchased 50 tables for ₹ 4570 each. Nine tables got damaged in transit. He sold the remaining tables for ₹ 5000 each. Choose the most appropriate statement for this case ?

(1) He was able to recover the cost of the damaged tables.

(2) He made a profit of ₹ 25000.

(3) He incurred a loss of ₹ 23500.

(4) He made a profit of ₹ 23500.

**59.** I am a five-digit even number. I have 9 at my tens place. The digit at the ten thousands place is three less than the digit at the tens place. The digit at the hundreds place is half the value of the digit at the ten thousand place. The digit at the thousand place is double the digit at the ones place. Who am I ?


(1) 68494 (2) 61392 (3) 64391 (4) 68394

**60.** The product of the LCM and HCF of two numbers is 322. If one of the numbers is 23, what is the other ?


(1) 7 (2) 14 (3) 18 (4) 46

**61.** What would be the water image of 

?

(1)  (2)  (3)  (4) 

**54.** આપેલી આકૃતિની અંદર કેટલાં લઘુકોણો છે?



(1) 4 (2) 6 (3) 5 (4) 7

**55.** 128400 પેનોને દરેક ખોખામાં 150 પેનો હોય એ પ્રમાણે ખોખાઓમાં ગોઠવવામાં આવે છે. આ માટે કેટલાં ખોખાની જરૂર પડશે?

(1) 856 (2) 805 (3) 846 (4) 876

**56.** પ્રિશાનું વજન 42 kg અને કીરાનું વજન 39.5 kg છે. તેમનું કુલ વજન કેટલું થાય?

(1) 82500 g (2) 8250 g (3) 81500 g (4) 8150 g

**57.** બપોરે 2:30 વાગ્યે મિનિટ કાંટા અને કલાક કાંટા વડે રચાતો ખૂણો શોધો.

(1) લઘુકોણ (2) ગુરુકોણ (3) સીધો કોણ (4) કાટખૂણો

**58.** એક વેપારીએ એક ટેબલના રૂ.4570 લેખે 50 ટેબલો ખરીદ્યાં હતાં. હેરફેર કરતી વખતે 9 ટેબલને નુકસાન થયું. તેણે બાકીના ટેબલો દરેકના રૂ.5000 પ્રમાણે વેચી દીધાં. આ કિસ્સામાં સૌથી યોગ્ય નિવેદન પસંદ કરો.

(1) તે નુકસાન પામેલા ટેબલોની પડતરને વસૂલી શકે એમ હતો.

(2) તેને રૂ.25000નો નફો થયો.

(3) તેને રૂ. 23500ની ખોટ થઇ.

(4) તેને રૂ. 23500નો નફો થયો.

**59.** હું પાંચ અંકોની બનેલી એક બેકી સંખ્યા છું. મારા દશકના સ્થાને 9 આવેલો છે.દસ હજારમા સ્થાને આવેલો અંક દશકના સ્થાને આવેલા અંકથી ત્રણ જેટલો ઓછો છે. શતકના સ્થાને આવેલા અંકનું મૂલ્ય દસ હજારમા સ્થાને આવેલા અંકથી અડધું છે. હજારમા સ્થાને આવેલા અંકનું મૂલ્ય એકમના સ્થાને રહેલા અંકથી બમણું છે. હું કોણ છું?

(1) 68494 (2) 61392 (3) 64391 (4) 68394

**60.** બે સંખ્યાઓના લ.સા.અ. અને ગુ.સા.અ.નો ગુણાકાર 322 છે. જો આમાંની એક સંખ્યા 23 હોય, તો બીજી સંખ્યા કઇ છે?

(1) 7 (2) 14 (3) 18 (4) 46

**61.** 

નું જળ પ્રતિબિંબ નીચેનામાંથી કયું છે?

(1)  (2)  (3)  (4) 

**62.** Which one of the following options is incorrect ?

(1) $\frac{2}{5} = 0.4$  (2) 1.147 > 1.039  (3) 5.862 < 5.9  (4) 3.21 > 3.222

**63.** Fill in the blank with the correct option.

CCCXC + LIX = _______.

(1) CCCCXLIX  (2) CDXLIX  (3) CDCXLIX  (4) CDXXXXIX

**64.** Rounding off 7348561 to the nearest hundreds is ________.

(1) 7348000  (2) 7348600  (3) 7348560  (4) 7348500

**65.** What should be subtracted from 3 million to get 1765498 ?

(1) 1,234,602  (2) 1,234,502  (3) 1,324,502  (4) 1,234,402

**66.** Shreya has 32 red pens and 56 blue pens. She wants to make packs of equal number of pens out of them in such a way that each pack has pens of only one colour. How many pens would be there in the biggest pack ?

(1) 4  (2) 8  (3) 16  (4) 12

**67.** If the cost of fencing 1 m is ₹ 215, then find the cost of fencing a park with length 45 m and breadth 23 m.

(1) ₹ 29240  (2) ₹ 25340  (3) ₹ 29440  (4) ₹ 29540

**68.** The area of a triangle whose base is 12 cm and the height twice the base, is __________ .

(1) 288 sq. cm  (2) 144 sq. cm  (3) 289 sq. cm  (4) 298 sq. cm

**69.** Raman started a journey 4 hours before Sameer. If Sameer started his journey at 2:15 p.m. at what time did Raman start his journey ?

(1) 09:15 hours  (2) 11:15 hours  (3) 10:15 hours  (4) 14:15 hours

**70.** Seventy six lakh four thousand eighty three is written as _______ in the international number system.

(1) 7,640,083  (2) 76,483  (3) 760,483  (4) 7,604,083

**62.** નીચેનામાંથી કયો વિકલ્પ ખોટો છે?

(1) $\frac{2}{5} = 0.4$ (2) 1.147 > 1.039 (3) 5.862 < 5.9 (4) 3.21 > 3.222

**63.** સાચા વિકલ્પ વડે ખાલી જગ્યા પૂરો.

CCCXC + LIX = _______.

(1) CCCCXLIX (2) CDXLIX (3) CDCXLIX (4) CDXXXXIX

**64.** 7348561ને પૂર્ણ કરીને સૌથી નજીકની શતક સંખ્યામાં ________ તરીકે લખાય છે.

(1) 7348000 (2) 7348600 (3) 7348560 (4) 7348500

**65.** 30 લાખમાંથી કેટલા બાદ કરવાથી 1765498 મળે?

(1) 1,234,602 (2) 1,234,502 (3) 1,324,502 (4) 1,234,402

**66.** શ્રેયા પાસે 32 લાલ પેનો અને 56 વાદળી પેનો છે. તે આમાંથી સરખી સંખ્યામાં પેનોના પેક્સ એવી રીતે બનાવવા માંગે છે કે દરેક પેકમાં ફક્ત એક જ રંગની પેનો હોય. સૌથી મોટા પેકમાં કેટલી પેનો હશે?

(1) 4 (2) 8 (3) 16 (4) 12

**67.** જો 1 મીટર વાડ બનાવવાનો ખર્ચ રૂ.215 થતો હોય, તો 45 મીટર લંબાઇ અને 23 મીટર પહોળાઇ ધરાવતા એક બગીચાની વાડ બનાવવાનો ખર્ચ શોધો.

(1) રૂ.29240 (2) રૂ.25340 (3) રૂ.29440 (4) રૂ.29540

**68.** જેનો પાયો 12 cm અને ઊંચાઇ પાયાથી બેગણી હોય એવા ત્રિકોણનું ક્ષેત્રફળ શોધો__________ .

(1) 288 sq. cm (2) 144 sq. cm (3) 289 sq. cm (4) 298 sq. cm


**69.** રમણે સમીરથી 4 કલાક પહેલાં પ્રવાસ શરૂ કર્યો હતો. જો સમીરે તેનો પ્રવાસ બપોરે 2:15 વાગ્યે શરૂ કર્યો હોય, તો રમણે તેનો પ્રવાસ કયા સમયે શરૂ કર્યો હશે?

(1) 09:15 કલાકે (2) 11:15 કલાકે (3) 10:15 કલાકે (4) 14:15 કલાકે

**70.** આંતરરાષ્ટ્રીય સંખ્યા પદ્ધતિમાં છોંતેર લાખ ચાર હજાર ત્યાંશીને ______ તરીકે લખવામાં આવે છે.

(1) 7,640,083 (2) 76,483 (3) 760,483 (4) 7,604,083

**Instructions For Q. No. 71 - 75 : The following graph represents the activities taken up by Grade V students in a particular school. Study the graph and answer the following questions.**




**71.** The number of students who chose Painting is ______ more than the number of students who chose Theatre.

(1) 1 (2) 2 (3) 3 (4) 4

**72.** What is the total number of students in Grade V ?

(1) 80 (2) 83 (3) 85 (4) 84

**73.** How many students were there in the 2 least popular activities ?

(1) 25 (2) 24 (3) 28 (4) 27


**74.** How many students chose Dance ?

(1) 16 (2) 18 (3) 17 (4) 19

**75.** How many more students chose Swimming as compared to Debate ?

(1) 6 (2) 8 (3) 5 (4) 7

સૂચના : પ્રશ્ન ક્રમાંક **71 - 75** માટે : નીચેનો આલેખ એક શાળાના ધોરણ 5ના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલી પ્રવૃત્તિઓ દર્શાવે છે. આલેખનો અભ્યાસ કરો અને નીચેના પ્રશ્નોના જવાબ આપો.




**71.** પેઇન્ટિંગ પસંદ કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા થીયેટર પસંદ કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા કરતાં _____ વધુ છે.

(1) 1 (2) 2 (3) 3 (4) 4

**72.** ધોરણ 5માં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા કેટલી છે?

(1) 80 (2) 83 (3) 85 (4) 84

**73.** 2 ઓછી લોકપ્રિય પ્રવૃત્તિઓમાં કેટલા વિદ્યાર્થીઓ હતા?

(1) 25 (2) 24 (3) 28 (4) 27

**74.** કેટલા વિદ્યાર્થીઓએ ડાન્સ કરવાનું પસંદ કર્યું હતું?

(1) 16 (2) 18 (3) 17 (4) 19

**75.** ડીબેટ પસંદ કરનારાઓની તુલનામાં કેટલા વધુ વિદ્યાર્થીઓએ સ્વિમિંગ પસંદ કર્યું હતું?

(1) 6 (2) 8 (3) 5 (4) 7

## SECTION – 'C' : GENERAL KNOWLEDGE

**76.** In which sport is the term 'Knock-Out' used ?

(1) Archery (2) Boxing (3) Golf (4) Billiards

**77.** The reading above _______ on Richter scale can cause severe damage.

(1) 7 (2) 6 (3) 5 (4) 4

**78.** Which bacteria is responsible for the formation of curd ?

(1) Vibrio Cholerae (2) Lactobacillus Acidophillus

(3) Streptococcus thermophillus (4) Bacillus radicicola

**79.** Which one of the following statements is true about fossil fuels ?

(1) They are renewable resources.

(2) They are found within the top layers of the Earth's crust.

(3) They are formed over the course of ten years.

(4) They are the remains of once-living organisms.

**80.** Where did Buddha attain enlightenment ?

(1) Lumbini (2) Bodh Gaya (3) Sarnath (4) Kushinagar

**81.** Who invented electric bulb ?

(1) Thomas Alva Edison (2) Alexander Graham Bell

(3) Marie Curie (4) C. V. Raman

**82.** Pick out the incorrect statement.

(1) Gravitation affects only part of the earth.

(2) Gravitation pulls iron.

(3) Gravitation prevents things from floating.

(4) Aeroplane do not fly in the gravitational field.

**83.** Where is the famous Meenakshi Temple located ?

(1) Ujjain (2) Varanasi (3) Madurai (4) Rameswaram

## વિભાગ - ‘C’ : સામાન્ય જ્ઞાન

**76.** કઈ રમતમાં 'નોક-આઉટ' શબ્દનો ઉપયોગ થાય છે?

(1) તીરંદાજી (2) બોક્સિંગ (3) ગોલ્ફ (4) બિલિયર્ડ્સ

**77.** રિચર સ્કેલ પર ______ થી ઉપરનું વાચન ભારે નુકસાન પહોંચાડી શકે છે.

(1) 7 (2) 6 (3) 5 (4) 4

**78.** દહીં બનાવવામાં કયા બેક્ટેરિયા જવાબદાર છે?

(1) વાઈબ્રીયો કૉલેરી
(2) લેક્ટોબેસિલસ એસિડોફિલસ
(3) સ્ટ્રેપ્ટોકોકસ થર્મોફિલસ
(4) બેસિલસ રેડિસિકોલા

**79.** અશ્મિભૂત ઇંધણો વિશે નીચેનામાંથી કયું નિવેદન સાચું છે?

(1) તેઓ પુનઃપ્રાપ્ય સંસાધનો છે.
(2) તેઓ પૃથ્વીના પોપડાના સૌથી ઉપરના સ્તરોમાં જોવા મળે છે.
(3) તેઓ દસ વર્ષના સમયગાળામાં રચાયા છે.
(4) તેઓ એક સમયના જીવિત સજીવોના અવશેષો છે.

**80.** બુદ્ધને જ્ઞાનબોધ ક્યાં થયું હતું?

(1) લુમ્બિની (2) બોધ ગયા (3) સારનાથ (4) કુશીનગર

**81.** ઈલેક્ટ્રિક બલ્બની શોધ કોણે કરી હતી ?

(1) થોમસ આલ્વા એડિસન
(2) એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલ
(3) મેરી ક્યુરી
(4) સી. વી. રામન

**82.** નીચેનામાંથી ખોટું નિવેદન શોધી કાઢો.

(1) ગુરુત્વાકર્ષણ પૃથ્વીના ફક્ત ભાગને જ અસર કરે છે.
(2) ગુરુત્વાકર્ષણ લોખંડને ખેંચે છે.
(3) ગુરુત્વાકર્ષણ વસ્તુઓને તરતી અટકાવે છે.
(4) ગુરુત્વાકર્ષીય ક્ષેત્રમાં વિમાન ઊડતું નથી.

**83.** પ્રખ્યાત મીનાક્ષી મંદિર ક્યાં આવેલું છે ?

(1) ઉજ્જૈન (2) વારાણસી (3) મદુરાઈ (4) રામેશ્વરમ

**84.** What process is involved in Cloud Seeding, which is a technique that induces rain ?

(1) Adopting an agricultural practice that depends on clouds.

(2) When water vapour in the atmosphere cools and condenses around a particle of dust or salt.

(3) Making clouds and placing them in the sky.

(4) Scattering clouds to form seed like structures.

**85.** Which part of the Earth supports its biodiversity ?

(1) Biosphere (2) Sanctuary

(3) Ecosystem reserve (4) Biotic community

**86.** What do tissues help in ?

(1) Faster development (2) Division of labour among cells

(3) Higher reproductive potential (4) Body strength

**87.** Who was the Chief of Army during the Indo-Pak war, 1971 ?

(1) General PP Kumaramangalam (2) Field Marshal SHFJ Manekshaw

(3) General JN Chaudhari (4) General KS Thimayya

**88.** Salman Rushdie won the Booker Prize for which book ?

(1) The Satanic Verses (2) Midnight's Children

(3) Fury (4) Shalimar the Clown

**89.** Which Vitamin deficiency leads to bleeding of gums, slow healing of wounds and aching limbs ?

(1) Vitamin A (2) Vitamin B (3) Vitamin C (4) Vitamin D

**90.** Which State / Union Territory is Nanda Devi located in ?

(1) Himachal Pradesh (2) Jammu and Kashmir

(3) Uttarakhand (4) Uttar Pradesh

**91.** What does white colour in the Indian National Flag represent ?

(1) Sacrifice (2) Peace and Truth

(3) Prosperity of life (4) None of these

**84.** વરસાદ વરસાવવા માટેની એક પદ્ધતિ, ક્લાઉડ સીડિંગમાં કઇ પ્રક્રિયા સંકળાયેલી છે?

(1) વાદળો પર નિર્ભર હોય એવી કૃષિજન્ય પદ્ધતિઓ અપનાવવી

(2) વાતાવરણમાં પાણીની વરાળ રજકણ કે મીઠાના કણની આસપાસ ઠરે છે અને ઘટ્ટ થાય છે.

(3) વાદળો બનાવીને તેમને આકાશમાં મૂકવામાં આવે છે.

(4) દાણાં જેવા માળખાઓ બનાવવા વાદળોનું વિખેરણ કરવું

**85.** પૃથ્વીનો કયો ભાગ તેની જૈવવિવિધતાને સમર્થન આપે છે?

(1) જીવાવરણ (બાયોસ્ફીયર) (2) અભયારણ્ય

(3) નિવસન તંત્ર ભંડાર (4) જૈવિક સમુદાય

**86.** પેશીઓ શેમાં મદદ કરે છે?

(1) ઝડપી વિકાસ (2) કોષો વચ્ચે શ્રમનું વિભાજન

(3) પ્રજનનની ઊંચી ક્ષમતા (4) શરીર સામર્થ્ય

**87.** 1971માં થયેલા ભારત-પાકિસ્તાન વચ્ચેના યુદ્ધ દરમિયાન લશ્કરી વડા કોણ હતા?

(1) જનરલ પીપી કુમારમંગલમ (2) ફિલ્ડ માર્શલ એસએચએફજે માણેકશા

(3) જનરલ જેએન ચૌધરી (4) જનરલ કેએસ થિમય્યા

**88.** સલમાન રશ્દીને કયા પુસ્તક માટે બૂકર પ્રાઇઝ મળ્યું હતું?

(1) ધી સેટાનિક વર્સીસ (2) મિડનાઈટ્સ ચિલ્ડ્રન

(3) ફ્યૂરી (4) શાલિમાર ધી ક્લાઉન

**89.** કયા વિટામિનની ઉણપના કારણે પેઢાંમાંથી લોહી નીકળવું, ઘા રુઝાતા વાર લાગવી અને હાથ-પગમાં દુખાવો થાય છે?

(1) વિટામિન A (2) વિટામિન B (3) વિટામિન C (4) વિટામિન D

**90.** નંદા દેવી કયા રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલું છે?

(1) હિમાચલ પ્રદેશ (2) જમ્મુ અને કાશ્મીર

(3) ઉત્તરાખંડ (4) ઉત્તર પ્રદેશ

**91.** રાષ્ટ્ર ધ્વજમાં સફેદ રંગ શું સૂચવે છે?

(1) બલિદાન (2) શાંતિ અને સત્ય

(3) જીવનની સમૃદ્ધિ (4) આમાંથી એકેય નહિ

**92.** Which classical dance form is named after the village it originated from ?

(1) Kuchipudi (2) Kathakali (3) Bharatnatyam (4) Mohiniattam

**93.** What is the major source of fresh water in India ?

(1) Ocean water (2) River water (3) Pond water (4) Ground water

**94.** Name the holy book of the Parsis.

(1) Bible (2) Zend Avesta (3) Quran (4) Guru Granth Sahib

**95.** Where is the United Nations Headquarters located ?

(1) Vienna (2) New York (3) Paris (4) Zurich

**96.** Which sweet is deep-fried, dipped in sugar syrup, round shaped and usually orange in colour ?

(1) Gajar ka halwa (2) Rasgulla (3) Bhakarwadi (4) Jalebi

**97.** Who has won the Sushila Devi Literature Award for the novel "Things to Leave Behind" ?

(1) Kanika Mukherjee (2) Ram Suri

(3) Namita Gokhale (4) Rita Chandra

**98.** Pick an example of water pollution.

(1) An oil spill from a large ship

(2) Animals walking along the beach

(3) Drinking water out of a plastic bottle

(4) Gasoline in a car

**99.** By what other name is the Water Cycle known as ?

(1) Water movement cycle (2) Air cycle

(3) Hydrologic cycle (4) Tectonic cycle

**100.** What is meant by seed coat ?

(1) Hard cover around the food stored

(2) Hard cover around the baby plant

(3) The protective outer coat of a seed

(4) Hard cover around the roots of the plant

**92.** કયા શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપને તેનો જ્યાંથી ઉદ્ભવ થયો હતો તે ગામના નામ સાથે જોડવામાં આવ્યું છે?

(1) કુચિપુડી (2) કથકલી (3) ભારતનાટ્યમ (4) મોહિનીઅટ્ટમ

**93.** ભારતમાં તાજા પાણીનો મુખ્ય સ્રોત કયો છે?

(1) સમુદ્રનું પાણી (2) નદીનું પાણી (3) તળાવનું પાણી (4) જમીનનું પાણી

**94.** પારસીઓના પવિત્ર ગ્રંથનું નામ આપો.

(1) બાઈબલ (2) ઝેન્ડ અવેસ્તા (3) કુરાન (4) ગુરુ ગ્રંથ સાહિબ

**95.** સંયુક્ત રાષ્ટ્રનું મુખ્યાલય ક્યાં આવેલું છે ?

(1) વિયેના (2) ન્યૂયૉર્ક (3) પેરિસ (4) ઝ્યુરિચ

**96.** ખૂબ તળેલી, ખાંડની ચાસણીમાં ડૂબાડેલી, ગોળાકાર અને સામાન્ય રીતે નારંગી રંગમાં જોવા મળતી મીઠાઈ કઈ છે?

(1) ગાજરનો હલવો (2) રસગુલ્લા (3) ભાખરવડી (4) જલેબી

**97.** "થીંગ્સ ટુ લીવ બીહાઈન્ડ" નવલકથા માટે સુશિલાદેવી સાહિત્ય એવૉર્ડ કોને મળ્યો હતો?

(1) કનિકા મુખરજી (2) રામ સુરિ

(3) નમિતા ગોખલે (4) રીટા ચંદ્રા

**98.** જળ પ્રદૂષણનું એક ઉદાહણ આપો.

(1) વિશાળકાય જહાજમાંથી તેલ ઢોળાઈ જવું

(2) બીચ પર પ્રાણીઓનું ચાલવું

(3) પ્લાસ્ટિકની બોટલમાંથી પાણી પીવું

(4) કારમા રહેલું ગૅસોલિન

**99.** પાણીને અન્ય કયા નામે ઓળખવામાં આવે છે?

(1) જળ સંચાર ચક્ર (વોટર મુવમેન્ટ સાયકલ)

(2) હવા ચક્ર (એર સાયકલ)

(3) જલીય ચક્ર (હાઈડ્રોલોજિક સાયકલ)

(4) વિવર્તનીય ચક્ર (ટેક્ટોનિક સાયકલ)

**100.** બીજ આવરણ એટલે શું?

(1) સંગ્રહિત ખોરાકની આસપાસનું સખત ઢાંકણ

(2) નાના છોડની આસપાસનું સખત ઢાંકણ

(3) બીજની આસપાસનું રક્ષણાત્મક ઢાંકણ


(4) છોડના મૂળની આસપાસનું સખત ઢાંકણ

## SECTION – 'D' : INTELLIGENCE

**101.** Which of the following option is an odd one ?



(1) PQRS (2) LMNOP (3) BCDE (4) FGHI


**102.** If 35 out of 70 people are diabetic, which figure will depict the diabetic group ?



(a) (b) (c) (d)

(1) a (2) b (3) c (4) d

**103.** Figure  is embedded in one of the four alternatives. Find the alternative which contains figure  as its part.



(a) (b) (c) (d)

(1) a (2) b (3) c (4) d

**104.** Fill in the blank with one of the options given below, which is in line with the sequence in the question.

PUE, QVF, RWG, __________, TYI

(1) SXH (2) TSQ (3) ABN (4) STY

**105.** If GRAIN is related to WAREHOUSE, then Water is related to ______.

(1) Estuary (2) River (3) Canal (4) Dam

**106.** Choose the correct alternative.

Smoke : Pollution :: War : _?_

(1) Peace (2) Victory (3) Treaty (4) Destruction

**107.** Replace the question mark (?) in the given series.


mm, OO, qq, SS, _?_

(1) uu (2) Ss (3) UU (4) rr

## વિભાગ - 'D' : બૌદ્ધિક સમજ



**101.** નીચે પૈકીનો કયો એક વિકલ્પ અલગ પડે છે?
(1) PQRS (2) LMNOP (3) BCDE (4) FGHI


**102.** જો 70 માંથી 35 લોકો ડાયાબીટિસના દર્દી હોય, તો કઈ આકૃતિ ડાયાબીટિસના દર્દીઓના સમૂહને દર્શાવશે?



(a) (b) (c) (d)

(1) a (2) b (3) c (4) d

**103.** આકૃતિ  આપેલા ચાર વિકલ્પોમાંથી કોઇ એક વિકલ્પમાં જડેલી છે. એ વિકલ્પ શોધો કે જે તેના ભાગરૂપે આકૃતિ  ધરાવે છે.



(a) (b) (c) (d)

(1) a (2) b (3) c (4) d

**104.** એવો સાચો વિકલ્પ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો, પ્રશ્નમાં આપેલા અનુક્રમ માટે યોગ્ય હોય.
PUE, QVF, RWG, __________, TYI
(1) SXH (2) TSQ (3) ABN (4) STY

**105.** જો GRAIN એ WAREHOUSE સાથે સંબંધિત છે, તો Water નો સંબંધ __________ સાથે છે.
(1) Estuary (2) River (3) Canal (4) Dam

**106.** સાચો વિકલ્પ પસંદ કરો.
ધૂમાડો : પ્રદૂષણ :: યુદ્ધ : ?
(1) શાંતિ (2) વિજય (3) સંધિ (4) વિનાશ

**107.** આપેલી શ્રેણીમાં પ્રશ્ન ચિહ્ન (?)ના સ્થાને યોગ્ય વિકલ્પ પસંદ કરો.
mm, OO, qq, SS, ?
(1) uu (2) Ss (3) UU (4) rr


**108.** There are four buildings in a residential complex A, B, C and D. Each one is of a different height. D is only shorter than B. A is shorter than D and C. Which one is the shortest of them all ?

(1) A (2) B (3) C (4) D

**109.** What comes in the place of question mark (?) in the following number series?
4, 12, 36, 108, 324, ?

(1) 520 (2) 475 (3) 680 (4) 972

**110.** Two positions of dice are shown below. Identify the number at the bottom when the top is '5' ?





(1) 3 (2) 2 (3) 6 (4) 4

**111.** R is K's sister. P is K's brother. Q is T's father who is P's brother. H is K's mother. At least how many sons do Q and H have ?

(1) 3 (2) 2 (3) 1 (4) 4

**112.** Which figure among the four alternatives a, b, c, d would replace the question mark in figure '4' ?




(1) a (2) b (3) c (4) d

**113.** Which sequence of mathematical symbols can replace * in the given equation to balance the equation ?
7 * 7 * 2 * 1 = 12

(1) × ÷ − (2) + − × (3) ÷ + − (4) × − ×

**108.** એક રહેણાંક સંકુલમાં ચાર ઇમારતો A, B, C, D છે. દરેક ઇમારતની ઊંચાઇ અલગ અલગ છે. માત્ર D, Bથી નીચી છે. A એ D અને C કરતાં નીચી છે. આ બધામાં સૌથી નીચી ઇમારત કઇ છે?


(1) A (2) B (3) C (4) D

**109.** નીચેની સંખ્યાત્મક શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?)ના સ્થાને શું આવશે?

4, 12, 36, 108, 324, ?

(1) 520 (2) 475 (3) 680 (4) 972

**110.** એક ડાઇસની બે સ્થિતિઓને નીચે બતાવવામાં આવી છે. તેની ટોચ પર જ્યારે '5' હોય ત્યારે તળિયે કયો આંકડો હશે તે શોધી કાઢો?





(1) 3 (2) 2 (3) 6 (4) 4

**111.** R એ Kની બહેન છે. P એ Kનો ભાઇ છે. Q એ Tના પિતા છે જ્યારે T એ Pના ભાઇ છે. H એ Kની માતા છે. Q અને Hને ઓછામાં ઓછા કેટલા પુત્રો છે?

(1) 3 (2) 2 (3) 1 (4) 4

**112.** ચાર વિકલ્પો a, b, c, d માંથી કઇ આકૃતિ, આકૃતિ '4'માં રહેલા પ્રશ્ન ચિહ્નના સ્થાને આવશે?




(1) a (2) b (3) c (4) d

**113.** આપેલા સમીકરણમાં ગાણિતિક સંજ્ઞાઓનો કયો અનુક્રમ * ના સ્થાને મૂકી શકાય કે જેથી સમીકરણ સમતુલિત બને?

7 * 7 * 2 * 1 = 12

(1) × ÷ − (2) + − × (3) ÷ + − (4) × − ×

**114.** A bus for Delhi leaves every 30 minutes from a bus station. The station master told a passenger that a bus has already left 10 minutes ago and the next bus will leave at 9:35 am. At what time the station master gave this information to the passenger ?

(1) 9:20 am (2) 9:10 am (3) 9:15 am (4) 9:25 am


**115.** Surbhi is facing East. She turns 90° in the clockwise direction and moved 2 kilometers, then she turns 145° in clockwise direction and moved 1 kilometer. Which direction is she facing now ?

(1) North (2) East (3) North-West (4) South-East

**116.** If in a certain language 'PARROT' is written as '123345' and 'SOAT' is written as '6425', then how would 'ROAST' be written in that code ?

(1) 34625 (2) 32564 (3) 32456 (4) 34265

**117.** Find the missing figures from the given alternatives.




(1) 28 (2) 21 (3) 11 (4) 38

**118.** Find out the pair in which the words bear the same relationship to each other as the given one.
Austria : Vienna

(1) Egypt : Cairo (2) Germany : London
(3) USA : Orlando (4) Australia : Sydney

**119.** Which of the following words cannot be formed out of the word 'CONDUCT' ?

(1) Duct (2) Counted (3) Count (4) Donut

**120.** 37 boys are standing in a row. Aakash is $14^{th}$ from the right end. If he is shifted six places to the left, what is his position from the left end ?

(1) 20 (2) 18 (3) 11 (4) 14

**121.** In a certain language 'FIGHT' is written as 'TGHFI', then how will 'PAPER' be written in that code ?

(1) RPEPA (2) REPPA (3) PEARP (4) PAEPR

114. દિલ્હી માટેની એક બસ દર 30 મિનિટે બસ સ્ટેશનથી ઉપડે છે. સ્ટેશન માસ્ટરે એક પ્રવાસીને જણાવ્યું કે બસ તો 10 મિનિટ પહેલાં ઉપડી ચૂકી છે અને પછીની બસ સવારે 9:35 વાગ્યે ઉપડશે. સ્ટેશન માસ્ટરે પ્રવાસીને કયા સમયે આ માહિતી આપી હતી?

(1) 9:20 am (2) 9:10 am (3) 9:15 am (4) 9:25 am


115. સુરભી પૂર્વ દિશામાં મોં રાખીને ઊભી છે. તે ઘડિયાળના કાંટાની દિશામાં 90° ફરે છે અને 2 કિલોમીટર ચાલે છે. ત્યાર પછી તે ઘડિયાળના કાંટાની દિશામાં 145° ફરે છે અને 1 કિલોમીટર ચાલે છે. હવે તેનું મોં કઇ દિશામાં છે?

(1) ઉત્તર (2) પૂર્વ (3) ઉત્તર-પશ્ચિમ (4) દક્ષિણ-પૂર્વ

116. એક ચોક્કસ ભાષામાં 'PARROT'ને '123345' તરીકે લખવામાં આવે છે અને 'SOAT'ને '6425' તરીકે લખવામાં આવે છે, તો તે સાંકેતિક ભાષામાં 'ROAST'ને કેવી રીતે લખવામાં આવશે?

(1) 34625 (2) 32564 (3) 32456 (4) 34265

117. આપેલા વિકલ્પોમાંથી ખૂટતી સંખ્યા શોધો.




(1) 28 (2) 21 (3) 11 (4) 38

118. નીચેના એક ઉદાહરણમાં જણાવ્યા મુજબ, જેના શબ્દો વચ્ચે સંબંધ હોય એવી એક જોડી શોધી કાઢો.
ઑસ્ટ્રિયા : વિયેના

(1) ઈજિપ્ત : કૈરો (2) જર્મની : લંડન
(3) યુએસએ : ઓર્લેન્ડો (4) ઑસ્ટ્રેલિયા : સીડની

119. નીચેનામાંથી કયો શબ્દ 'CONDUCT' શબ્દમાંથી રચી શકાય નહિ?

(1) Duct (2) Counted (3) Count (4) Donut


120. 37 છોકરાઓ એક હારમાં ઊભા છે. આકાશ જમણા છેડાથી 14મા ક્રમે છે. જો તેને ડાબી તરફ છ સ્થાન ખસેડવામાં આવે, તો ડાબા છેડાથી તેનું સ્થાન કયું છે?

(1) 20 (2) 18 (3) 11 (4) 14

121. એક ચોક્કસ ભાષામાં 'FIGHT'ને 'TGHFI' તરીકે લખવામાં આવે છે, તો તે સાંકેતિક ભાષામાં 'PAPER' ને કેવી રીતે લખવામાં આવશે?

(1) RPEPA (2) REPPA (3) PEARP (4) PAEPR

**122.** Which character when placed at the sign of interrogation (?) shall complete the given pattern ?




(1) DW (2) DK (3) DE (4) DL

**123.** If 'A' means ' ÷ ', B means '–', C means '×' and 'D' means '+', then find the value of the following equation.

16 D 64 A 4 B 4 C 3 = ?

(1) 20 (2) 15 (3) 9 (4) 17

**124.** Choose the correct alternative from the options for the Assertion (A) and Reason (R) given below.


**Assertion (A) :** In India, people elect their own representatives.

**Reason (R) :** India is a democratic country.

(1) 'A' is true but 'R' is false (2) 'A' is false but 'R' is true

(3) Both 'A' and 'R' are true (4) Both 'A' and 'R' are false


**125.** Which of the following diagrams best depicts the relationship between Table, Chair, Furniture ?




(1) A (2) B (3) C (4) D

**- o O o -**

**122.** પ્રશ્ન ચિહ્ન (?)ના સ્થાને કયા અક્ષરો આપેલી શૈલીને પૂરી કરશે?




(1) DW (2) DK (3) DE (4) DL

**123.** જો 'A' નો અર્થ '÷', Bનો અર્થ '–', Cનો અર્થ '×' અને 'D'નો અર્થ '+' થાય છે, તો નીચેના સમીકરણનું મૂલ્ય શોધો.

16 D 64 A 4 B 4 C 3 = ?

(1) 20 (2) 15 (3) 9 (4) 17


**124.** નીચે આપેલા વિધાન(A) અને કારણ(R) માટે સાચો વિકલ્પ આપેલા વિકલ્પોમાંથી પસંદ કરો.
વિધાન **(A) :** ભારતમાં લોકો તેમના પોતાના પ્રતિનિધિઓને ચૂંટે છે.

કારણ **(R) :** ભારત એક લોકશાહી દેશ છે.

(1) 'A' એ સાચું છે પરંતુ 'R' ખોટું છે (2) 'A' ખોટું છે પરંતુ 'R' સાચું છે

(3) 'A' અને 'R' બંને સાચાં છે (4) 'A' અને 'R' બંને ખોટાં છે.

**125.** નીચેનામાંથી કઇ રેખાકૃતિ ટેબલ, ખુરશી, ફર્નિચરનું શ્રેષ્ઠ રીતે નિરૂપણ કરે છે?




(1) A (2) B (3) C (4) D

- o O o -

SPACE FOR ROUGH WORK

SPACE FOR ROUGH WORK

7. પ્રવેશ સમયે, જ્યારે નિરીક્ષક દ્વારા પ્રશ્ન પુસ્તિકા ખોલવાની સૂચના આપવામાં આવે, ત્યારે તેને ખોલીને તપાસી લો કે તમારા અરજીપત્રક અને પ્રવેશપત્રમાં દર્શાવેલ, તમારા દ્વારા પસંદ કરવામાં આવેલ ભાષામાં જ **વિભાગ "A"** છે. જો ના હોય તો, તરત જ નિરીક્ષકનું ધ્યાન દોરવું.

At the appointed time, when you are instructed to open the booklet by the Invigilator, open it and check whether it contains **Section "A"** in the language opted by you in your Application Form and indicated on your Admit Card. If not, bring it to the notice of the Invigilator immediately.

8. પરીક્ષામાં કોઈ પ્રશ્નના અનુવાદ/પ્રશ્નની રચનામાં વિસંગતતા/અસ્પષ્ટતા હશે તો અંગ્રેજી અનુવાદ (ભાષા વિભાગના પ્રશ્નો સિવાય) માન્ય ગણાશે.

In case of any ambiguity in translation/construction of a question, in the version of the specified language/s, its English version (except for the language section questions) shall be treated as final.

9. પ્રશ્નપત્ર પુસ્તિકા **36** પાનાંની છે. કૃપા કરી જોઈને ખાતરી કરી લો કે પ્રશ્નપત્ર પુસ્તિકા પૂર્ણ છે અને તેમાં બધાં જ પાનાં સમાવિષ્ટ છે.

The question paper booklet is of **36** pages. Please check and ensure that the Question Paper Booklet is complete and contains all the pages.

10. બધા પ્રશ્નોના જવાબ ફક્ત OMR ઉત્તરપત્રમાં જ આપવાના રહેશે.

Answer all questions in the OMR Answer Sheet only.

11. OMR ઉત્તરપત્ર આ પ્રશ્નપત્ર પુસ્તિકાની અંદર છે. જ્યારે તમને પ્રશ્નપત્ર પુસ્તિકા ખોલવાનો નિર્દેશ આપવામાં આવે, ત્યારે OMR ઉત્તરપત્ર બહાર કાઢો અને તેમાં વાદળી/કાળી બૉલપોઈન્ટ પેનથી આપેલ વિગતોને ધ્યાનપૂર્વક ભરો.

The OMR Answer Sheet is inside this Question Paper Booklet. When you are directed to open the Question Paper Booklet, take out the OMR Answer Sheet and fill in the particulars carefully with Blue/ Black ball point pen only.

12. દરેક પ્રશ્ન માટે તમારા જવાબ તરીકે ફક્ત એક જ વર્તુળને કાળું (ડાર્ક) કરો. જો તમે એકથી વધુ વર્તુળને ડાર્ક કરશો, તો તમારો ઉત્તર ખોટો ગણાશે.

Darken only one circle as your answer for each question. If you darken more than one circle for the same question, your answer will be treated as invalid.

13. ખોટા ઉત્તર માટે ઋણાત્મક ગુણાંક (નેગેટિવ માર્કિંગ) નથી.

There is no negative marking for a wrong answer.

14. OMR ઉત્તરપત્રમાં બિનજરૂરી નિશાનીઓ કરવી નહીં કે તેને વાળવી નહીં કે કાપકૂપ કરશો નહીં. જો તમે એવું કરશો, તો તમારા ઉત્તરપત્રનું મૂલ્યાંકન કરાશે નહીં.

Do not make unnecessary marks on the OMR answer sheet or fold or attempt to deface it. If you do so, your answer sheet will not be evaluated.

15. આ પાના પર આપેલી વિગતો અને ઉત્તરો લખવા માટે ફક્ત વાદળી/કાળી બૉલપોઈન્ટ પેનનો ઉપયોગ કરવો. પેન્સિલનો ઉપયોગ કરવો નહીં.

Use Blue/Black ball point pen only for writing particulars on this page and for writing answers. Do not use pencil.

16. પ્રશ્નપત્રમાં રફકાર્ય હેતુ આપેલ જગ્યાએ જ રફકાર્ય કરવું અને OMR ઉત્તરપત્ર પર કરવું નહીં.

Rough work is to be done in the space provided for this purpose in the Question Paper Booklet only and not on the OMR sheet.

17. પરીક્ષા પૂર્ણ થયે પરીક્ષારૂમ/હૉલ છોડતા પહેલાં OMR ઉત્તરપત્ર નિરીક્ષકને સોંપી દેવી.

On completion of the test, hand over the OMR Answer Sheet to the Invigilator before leaving the Room/ Hall.

18. તમે તમારી સાથે આ પ્રશ્નપત્ર પુસ્તિકા લઈ જઈ શકશો.

You are allowed to take away this Question Paper Booklet with you.

19. આ પુસ્તિકાનો કોડ **D** છે. તમે ખાતરી કરી લો કે OMR ઉત્તરપત્રના આપેલ કોડ, અને આ પ્રશ્નપત્ર પુસ્તિકાનો કોડ સમાન જ છે. તેમાં ભૂલચૂક (વિસંગતતા) જણાય તો તરત જ નિરીક્ષકને જાણ કરીને પ્રશ્નપત્ર પુસ્તિકા અને ઉત્તરપત્ર બદલાવી દો.

The CODE for this Booklet is **D**. Make sure that the CODE printed on the OMR Answer Sheet is the same as that on this Question Paper Booklet. In case of discrepancy, report the matter immediately to the Invigilator for replacement of both the Question Paper Booklet and the Answer Sheet.

20. પ્રશ્નપત્ર પુસ્તિકા / OMR ઉત્તરપત્રમાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજી કોઈ પણ જગ્યાએ તમારો અનુક્રમ નંબર (રોલ નંબર) લખવો નહીં.

Do not write your Roll No. anywhere else except in the specified space in the Question Paper Booklet / OMR Answer Sheet.

21. OMR ઉત્તરપત્રમાં કોઈ સુધારા-વધારા માટે સફેદ દ્રવ્યનો ઉપયોગ કરવો નહીં.

Do not use white fluid for carrying out any correction on the OMR Answer Sheet.